કાલે શહેરના સરદારનગર ઉપરાંત આજુબાજુના મોટાભાગના વિસ્તારોમાં સવારના ૭ થી ૨ સુધી વિજકાપ

ભાવનગર,શુક્રવાર

પીજીવીસીએલ કંપની ભાવનગર શહેર વિભાગ દ્વારા આવતીકાલે શહેરના લોકમિલાપ અને કુલસર ફીડરના વિસ્તારોમાં સવારે ૭ થી બપોરના ૨ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે.કાળઝાળ ગરમી અને અતિશય બફારાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.ઘરમાં કે ઓફીસમાં ફરજિયાત પણે પંખા અને એસી શરૂ રાખવા પડે છે તેવા સંજોગોમાં વિજ કંપની દ્વારા ૭ થી ૮ કલાકનું વીજ કાપ આપવામાં આવ્યો છે જેના કારણે માસુમ બાળકો, વૃધ્ધો, દર્દીઓને પરેશાનીનો સામનો કરવો પડશે.

પીજીવીસીએલના ૬૬ કે.વી. સરદારનગર સબ સ્ટેશનના લોક મિલાપ ફીડર હેઠળના ઘોઘા સર્કલથી વૃદ્ધાશ્રમ તરફ જતા જમણી બાજુના વિસ્તાર, આરતી ટેનામેન્ટ, કોમ્પેલક્સ, સિંધુ સોસાયટી, પાર્થ સોસાયટી, સહજાનંદ કોમ્પલેક્સ, માધવ એપાર્ટમેન્ટ, લીમડીયું ઘોઘા સર્કલ વિસ્તારમાં આવતીકાલે સવારે ૭ વાગ્યાથી બપોરના ૧.૩૦ વાગ્યા સુધી વીજ પુરવઠો મળશે નહી.

૬૬ કે.વી. વરતેજ સબ સ્ટેશનના કુલસર ફીડરના સંત તુલસીદાસ, ઓમ નમઃ શિવાય, અમરપાર્ક, રાધેકિષ્ના, માધવપાર્ક, તુલસી પાર્ક, મધુ, લક્ષ્મીનગર, કર્મચારીનગર, મધુવન, પ્રેમ પ્રકાશ, ખોડિયારનગર, સવગુણનગર, ચંદ્રમણી, નિરમા કોલોની, સદગુરુ કોમ્પલેક્સ, આદમજીનગર, ટાટા શો રૂમ, ઘનશ્યામનગર, આશીષ-નિલેષ એડ, પંચવટી રોડ, ગૌતમનગર, મારૂતિનંદન, કેસરીનંદન, સ્લમ બોર્ડ, મહાદેવનગર, કાંતિનગર, કુલસર ગામતળ, સ્વપનસૃષ્ટિ, ભૂમિ કોમ્પલેક્સ, શિવશક્તિ રેસિડેન્સી, પાનવાડી, શાસત્રીનગર, આણંદજી પાર્ક, ચંદ્રમૌલી તેમજ આજુબાજુના વિસ્તારોમાં આવતીકાલે વીજકાપ રહેશે તેમ જણાવાયું છે.

ભાવનગર યુનિ. પરીક્ષાની તારીખોમાં ફેરફાર

ભાવનગર,શુક્રવાર

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા પરીક્ષાના ટાઇમટેબલની તારીખ સાથે યુવક મહોત્સવની તારીખ એક જ દિવસોએ સમાન આવતી હોય યુનિ. દ્વારા પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ભાવ. યુનિ. દ્વારા આગામી તા.૧૯ ઓક્ટોબરને શુક્રવારથી શરૂ થતી પરીક્ષાઓમાં પ્રથમ વર્ષ (બીએ, બી.કોમ., બીએસસી, બીબીએ) વાર્ષિક અને યુ.જી. સેમેસ્ટર-૨ અને સેમસ્ટર-૪ (બી.એ., બી.કોમ., બી.એસસી.-સેમેસ્ટર-૪ સિવાય, બી.બી.એ., બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ, અને બી. એડ.) ની પરીક્ષાઓમાં તા.૨૬ ઓક્ટોબર અને તા.૨૭ ઓક્ટોબરના રોજ યુનિ.નો યુવક મહોત્સવ હોવાથી આ બે દિવસની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨૬ અને ૨૭ ઓક્ટોબરની પરીક્ષાઓ અનુક્રમે તા.૩૦ ઓક્ટોબર અને ૧ નવેમ્બરના રોજ લેવામાં આવશે. બીએસસી સેમેસ્ટર-૪ના તા.૨૬ ઓક્ટોબર અને તા.૨૭ ઓક્ટોબરના પેપર અનુક્રમે તા.૨ નવેમ્બર અને તા.૩ નવેમ્બરના રોજ લેવામાં આવશે. આ ફેરફાર સાથેનું પરીક્ષાનું સમયપત્રક અને તેની હોલ ટિકિટ યુનિ.ની વેબસાઇટ પર મુકવામાં આવી છે.

જિલ્લા પંચાયત હસ્તકની પ્રા.શા.માં બાહ્ય મૂલ્યાંકન : ત્રણ દિવસમાં પેપર ચકાસશે

આગામી ૨૪ ઓકટો.થી પ્રથમ સંત્રાત પરીક્ષાનો આરંભ : અન્ય શાળાના શિક્ષકોને સુપરવિઝનની કામગીરી સોપાશે

ભાવનગર,શુક્રવાર

ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકની શિક્ષણ સમિતિ હેઠળની ૯૪૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં ૨૪ ઓકટોબરથી પ્રથમ સત્રાંત પરીક્ષાનો આરંભ થઇ રહ્યો છે.

આ વર્ષે ઉત્તરવહીઓનું અન્ય શાળાના શિક્ષકો દ્વારા બાહ્ય મૂલ્યાંકન થવાનું હોય તેના નિયમો જાહેર કરાયાં છે.જેમાં સત્રાંત પરીક્ષામાં જે તે શાળામાં અન્ય શાળાના શિક્ષકોને સુપરવિઝનની કામગીરી સોંપવાની રહેશે. સામાન્ય રીતે સુપર વાઇઝરોની ફેરબદલી કરતી વખતે પગાર કેન્દ્રની બહાર શિક્ષકોને ન જવું પડે તેવી વ્યવસ્થાગોઠવવામાં આવી છે.

આ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ જે જવાબ લખે તે ઉત્તરવહીઓનું પણ બાહ્ય મૂલ્યાંકન કરાવવાનું રહેશે. શાળાના શિક્ષકોને બદલે અન્ય શાળાના તે ધોરણ કે વિષયના શિક્ષકને લેખિત આદેશ કરી ઉત્તરવહી મૂલ્યાંકનનું આ કામ કરાવવાનું રહેશે. ઉત્તરવહીઓની સોંપણી પરીક્ષા પૂર્ણ થયે તે દિવસે અથવા મોડામાં મોડી બીજા દિવસે સંબંધિત મૂલ્યાંકનકારને પહોંચાડવાની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે. ઉત્તરવહીઓની ચકાસણી કરનારા મૂલ્યાંકનકારને ઉત્તરવહી મળે ત્યાર બાદ વધુમાં વધુ ૩ દિવસમાં યોગ્ય અને પારદર્શી રીતે ચકાસણી કરી જે તે શાળાના મુખ્ય શિક્ષકને પહોંચતી કરવાની રહેશે. ભાવનગર જિલ્લાની શાળાઓમાં ઉત્તરવહીનું બ્રાહ્ય મુલ્યાંકનનો નિર્ણય લેવાયો છે જેથી બીજી શાળાના શિક્ષકો ઉત્તરવહી ચેક કરશે અને સુપરવાઇઝર પણ કરશે.

ગુજરાત મહિલા કોંગ્રેસના પ્રમુખ પદે ગાયત્રીબા વાઘેલા

ગાયત્રીબા રાજકોટના કોર્પોરેટર છે, રાહુલ ગાંધીએ નિયુક્તિ કરી

ભાવનગર, શુક્રવાર

રાજકોટથી મળી રહેલા અહેવાલો મુજબ, રાજકોટના કોર્પોરેટર ગાયત્રીબા વાઘેલાને ગુજરાત મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિયુક્તિ અપાઇ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ નિયુક્તિ કરી છે. મહિલા કોંગ્રેસના પ્રમુખ પદે સૌરાષ્ટ્રમાંથી મહિલા અગ્રણીને સ્થાન આપી રાહુલ ગાંધીએ સૌરાષ્ટ્રને કોંગ્રેસ તરફી મજબુત કરવા આ ગેમ પ્લાન કર્યો હોય તેવું માની શકાય છે. કોંગ્રેસના અધ્યક્ષ બન્યા બાદ રાહુલ ગાંધી દેશભરમાં સંગઠનમાં મહત્વના ફેરફાર કરી રહ્યાં છે. ગુજરાતમાં પણ રાહુલ ગાંધીએ સંગઠનમાં અત્યાર સુધી અનેક ફેરફાર કર્યા છે. તે નવા લોકોને તક આપે છે. ત્યારે રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસમાં વધુ બે મહત્વની નિમણૂંક કરી છે. રાજકોટના કોર્પોરેટર અને રાજકોટ મનપાનાં પૂર્વ વિપક્ષ નેતા ગાયત્રીબા વાઘેલાના મહિલા કોંગ્રેસના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ સાથે ધારાસભ્ય રૂત્વિક મકવાણાની ગુજરાત દેવા દળના ચીફ ઓર્ગેનાઇઝર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ગાયત્રીબાએ જણાવ્યું હતું કે, હું કોંગ્રેસ પક્ષ, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને ગુજરાત કોંગ્રેસ ટીમનો આભાર માનુ છું. તેમણે મને આ મોટી જવાબદારી આપી છે. હું આ જવાબદારી નિભાવવા માટે તૈયાર છું. ગાયત્રીબાએ કહ્યું કે, મહિલાઓના પ્રશ્નો અંગે કામ કરવામાં આવશે.

ભાવનગર શહેરની શાળાઓમાં

ફી નિયમન અંગે ચાલતી સુનાવણી ૨૨મી સુધી મુલતવી

ભાવનગર,શુક્રવાર

ભાવનગર શહેર જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસેથી બેફામ અને વધારે પ્રમાણમાં ફી વસુલવામાં આવતી હોવાની ફરિયાદો બાદ ફી નિયમન મુદ્દો ઉચ્ચકક્ષાએ પહોચ્યો હતો આ અંગે સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલ સુનાવણી આગામી તા.૨૨ ઓક્ટોબર સુધી મુલતવી રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ફી નિયમન બાબતની સુનાવણી ૨૨મી ઓક્ટો. થવાની હતી પરંતુ સુપ્રિમ કોર્ટ દ્વારા મુદ્દત આપતા આ અંગેની સુનાવણી ૨૨મી ઓક્ટો.હાથ ધરાશે. આવનારા સમયમાં ફી રેગ્યુલેશન કમિટી દ્વારા સ્કૂલોની નક્કી કરેલી પ્રોવિઝનલ ફીને ફાઇનલ કરવા અંગેની સુનાવણી થવાની સંભાવના છે. આવનારા સમયમાં સ્કૂલ સંચાલકો દ્વારા સરખી ફેસેલિટી ધરાવતી સ્કૂલોની અલગ અલગ ફી નક્કી કરવાની બાબત પણ રજૂ થઇ શકે છે. ફી રેગ્યુલેશન કમિટીએ જાહેર કરેલી પ્રોવિઝનલ ફી સામે ઘણી સ્કૂલોએ વાંધા અરજી કરી હતી. પરિણામે એફઆરસીમાં આ સ્કૂલોની સુનાવણી ચાલે છે. પહેલા રાઉન્ડની તમામ સ્કૂલોએ કરેલ વાંધા અરજીનો નિકાલ થઇ ચુક્યો છે. અત્યારે બીજા રાઉન્ડની સ્કૂલોની વાંધાઅરજીની સુનવણી ચાલુ રહી છે. આ અંગેની ૨૨મી ઓક્ટો.સુનાવણી હાથ ધરાશે તેમ જાણવા મળી રહ્યું છે.

સુરતના ચોકબજાર વિસ્તારમાં પરિણીતાનું થયું અપહરણ

સુરત, શુક્રવાર

શહેરમાં ધોળા દિવસે યુવતીના અપહરણની ઘટના બની છે. શહેરના ચોકબજાર વિસ્તારમાં કારમાં આવેલા અજાણ્યા શખ્સો યુવતીનું અપહરણ કરીને નાશી છુટ્યા હતા. આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. પોલીસને ઘટનાની જાણ થતા પોલીસે સ્થળ પર પહોંચીને યુવતીને મુક્ત કરાવી હતી. પોલીસે બે આરોપીઓની ધરપકડ પણ કરી છે. ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર નોકરી પરથી પરત ફરતી મહિલાનું ડભોલી પાસે અપહરણ કરવામાં આવ્યું હતું, આ યુવતી તેની નણંદ સાથે ઘરે પરત ફરી રહી હતી. ત્યારે સ્વામિનારાયણ મંદિર પાસે છ વ્યક્તિઓએ યુવતીને રોકીને તેનું અપહરણ કર્યું હતું. સીસીટીવીમાં જોતા ખ્યાલ આવે કે, કેટલાક શખ્સો કારમાંથી નીચે ઉતરીને યુવતીને ઉઠાવી લઇ જાય છે. ઘટનાની જાણ થતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. આ જોતા અપહરણકર્તાઓ ભાગી ગયા હતા. જાણવા મળ્યું કે, યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતા. આ કારણે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું.

આંતર કોલેજ ક્રિકેટ ટુનામેન્ટમાં એમજે કોમર્સ કોલેજ અને જે.પી.પારેખ મહુવા કોલેજ વચ્ચે સેમિફાઇનલ મેચ રમાશે

ભાવનગર,શુક્રવાર

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ.ની ક્રિકેટ ગુરૂ જયંતિભાઇ ધરાજીયા આંતર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ક્વાટર ફાઇનલ મેચોમાં સ્વામી સહજાનંદ કોલેજ, વળીયા આર્ટસ કોલેજ, જે.પી.પારેખ કોલેજ મહુવા, એમ.જે.કોમર્સ કોલેજની ટીમોએ મેચ જીતતા સેમિફાઇનલમાં પહોંચતા આ બન્ને ટીમો વચ્ચે ક્રિકેટ જંગ જામશે. ભાવનગર યુનિ. મેદાન રમાઇ રહેલી આંતર કોલેજ ક્રિકેટ ટુનામેન્ટમાં શહેરની વળીયા આર્ટસ કોલેજ- ૧૯.૪ ઓવર્સ ૧૨૧ ઓલઆઉટ. સચિન જાંબુચા ૪૯, સુનિલના ૪૩ રન, મહેક દેસાઇ-કુલદીપસિંહ ગોહિલ ૩-૩ વિકેટ, પાર્થ જાની ૨ વિકેટ. સ્વામી સહજાનંદ કોલેજ- ૧૭.૪ ઓવર્સમાં ૫ વિકેટે ૧૨૫ રન. દર્શન ત્રિવેદી ૩૫, હર્ષ દસાડીયા ૩૬ રન. નિકુંજ રાઠોડ ૪ વિકેટ ઝડપી હતી. જ્યારે મેડિકલ કોલેજે ૨૦ ઓવર્સમાં ૩ વિકેટે ૧૫૮ રન. જય વસદ્રોલા ૪૦, પ્રણવ વસાવાના ૪૭ રન. જે.પી.પારેખ કોલેજઃ ૧૭.૫ ઓવર્સમાં ૨ વિકેટે ૧૬૧ રન. ઉમંગ સાકરીયાના ૭૮, કિશન ગોહિલના ૩૫, પ્રદીપ બાંભણીયાના ૩૨ રન. સર ભાવસિંહજી ક્રિકેટ ક્લબ મેદાનમાં રમાયેલી ક્રિકેટ ટુનામેન્ટમાં એમ.જે.સી.સી.- ૨૦ ઓવર્સમાં ૯ વિકેટે ૧૫૬ રન. ધાર્મિક ચાવડા ૫૧, સ્મીત ચૌહાણના ૩૧ રન. સન્ની-વિમલ મકવાણાને ૨-૨ વિકેટ. કે.આર.દોશી કોલેજઃ ૧૬.૧ ઓવર્સમાં ૬૧ રન ઓલઆઉટ. ધાર્મિક રાઠોડના ૨૩ રન. ધાર્મિક ચાવડા ૪ વિકેટ, સ્મીત ચૌહાણ ૨ વિકેટ ઝડપી હતી. જ્યારે ભાવનગર શહેરની સર પી.પી.સાયન્સ કોલેજની ટીમે ૨૦ ઓવર્સમાં ૬ વિકેટે ૧૬૭ રન. જયપાલ જાનીના ૫૨, જયમીન ધાંધલ્યાના ૨૨, પ્રતિક ડાભીના ૧૬ રન. જય ચૌહાણ-રાહુલ દેસાઇને ૨-૨ વિકેટ. નૈમિષારણ્ય સાયન્સ કોલેજઃ ૧૯.૫ ઓવર્સમાં ૧૦૫ રને ઓલઆઉટ. જય ચૌહાણના ૩૮ રન, શુભ ગોટીના ૨૧ રન. ચૈદ્રિક ભાટિયાની ૫ વિકેટ, યુવરાજ નકુમની ૩ વિકેટ લીધી હતી.

વોટર મેનેજમેન્ટની ભગવદ્ ગીતા એટલે જલ સ્ત્રાવ વ્યવસ્થાન

જલ સ્ત્રાવ વ્યવસ્થાપન પુસ્તકમાં અતિ મહત્વની ગણાતી-અર્બન-વોટર કન્ઝર્વેશનની આધુનિક ટેકનીકો જણાવવાની ખાસ જરૂર હતી બાકી વોટર કન્ઝર્વેશનના ડેટા લોકોને બહુ ઉપયોગી થઈ શકે નહી

પાણીનો શ્રેષ્ઠ ઉપયોગ કેવીરીતે કરવો એનું શિક્ષણ એટલે વોટર મેનેજમેન્ટ ખાસ કરીને પાણીનો એક થી વધુ વખત ઉપયોગ એટલે રી.યુઝ આ માટે પાણીને શુધ્ધિકરણ કરી એનો અનેક રીતે ઉપયોગ થઈ શકે છે ડો.પ્રદિપ ગોહિલે પોતાના પુસ્તકમાં આ વસ્તુ વિસ્તારથી બતાવી છે પાણીની બચત સેવ વોટર તથા વોટર કન્ઝર્વેશન ઉપરાંત પ્રસ્તુત પુસ્તકમાં સૌરાષ્ટ્ર પ્રદેશમાં પાણી સંદર્ભે તેમણે જે ઊંડો અભ્યાસ કર્યો છે. એનું સુલેખ ચિત્ર તેમણે આપ્યું છે.

ગત દાયકાઓમાં ગુજરાતના જલ સંચય કાર્યક્રમ અમલીકરણથી કોને કેટલો લાભ થયો તેની વિગત આપવામાં આવી છે.

પ્રકરણગણમાં સમગ્ર વિસ્તારમાં જલ સંચયની પ્રવૃત્તિ શરૂ થઈને પહેલા કેવી પરિસ્થિતિ હતી તેની વિગત વિસ્તારથી આપવામાં આવી છે.

એક સમયે સૌરાષ્ટ્રની નાની મોટી સો જેટલી નદીઓમાં મોટા ભાગની નદીઓમાં બારે માસ પાણી વહેતુ હતું.

દા.ત. ગોંડલ તાલુકાના સિંધાવદરદર ગામ નજીક ગોબરી નામની નદી વહેલી હતી. આ નદીનું નામ ગોબરી હતુ. પાણી એટલું ચોખ્ખુ હતુ કે ચાર પાંચ ફૂટ ઊંડે રૂપિયાનો સિક્કો પડ્યો હોય તો તે પણ દેખાતો આટલું ચોખ્ખુ પાણી હતું આ નદી ગોંડલ તાલુકાના ગોમટાની પૂર્વે આવેલી ટેકરીઓમાંથી નીકળી મોટા મૈકા અને સિંધાવદર ગામને સ્પર્શી છાપરવાડી નામની નદીને મળતી આ નદીની લંબાઈ માત્ર ૩૫ કિ.મી. કરતા પણ ઓછી હતી આમ છતા ૧૯૬૦માં આ નદીમાં બારેમાસ પાણી વહેલું હતું. આ નદી છાપરવાડી નદીને મળી જતી અને છાપરવાડી નદી ભાદરને મળતી હતી ૧૯૮૦થી પરિસ્થિતિ બગડી આ વિસ્તારમાં સબમર્શીબલ તથા વર્ટીકલ ટર બાઈન પંપો મોટા પાયે શરૂ થયા અને ભુતળનું મોટા ભાગનું જલ શોષી લેવામાં આવતા ૧૯૯૦ સુધીમાં આ નદી સુકી ભઠ્ઠ બની ગઈ.

પરંતુ છેલ્લા દશકામાં મોટા પાયે ચેક ડોમો બાંધવામાં આવતા આજની તારીખે સિંધાવદર ગામમાં પાણી ભરપૂર મળે છે. બીજીબાજુ છાપરવાડી નદીદ પર ડેમ બંધાતા નદીના ૧૫ કિ.મી. સુધીના વિસ્તારમાં ડેમનું પાણી આવી જતા. અનોખી જલક્રાંતિ થઈ ડો.પ્રદીપ ગોહિલની વાતને વિસ્તાર પૂર્વક સમજાવવા માટેટ આ દાખલો મુકવામાં આવ્યો આવી જ રીતે ઉગામેડી ગામે બે નદીઓને જોડી દેતા ભરપૂર આવે તે નદીના પાણીને સૂકી નદીમાં વાળવામાં આવ્યું પરિણામે આ બંને નદી જીવતી થઈ ગઈ. ગત ૨૦૧૪માં આ અંગે બિસ્તારથી ચોપાસમાં લખવામાં આવ્યું છે.

આવી જ રીતે અમરેલી જિલ્લાના લાઠી નજીક સુરતના ડાયમંડ કિંગ ગણાતા સવજીભાઈ ધોળકિયા એ ગામ નજીકની નદીને ઊંડી ઉતારી ચેકડેમો બનાવી જલક્રાંતિ કરી.

પ્રદીપભાઈ ગોહિલના પુસ્તકના પ્રકરણનું જલ સંચયના કાર્યક્રમ પહેલાની તથા પછીની સ્થિતિનો આ સચોટ તાજે પુરાવો ઉપરોક્ત પેરેગ્રાફમાં આપ્યો છે.

પ્રકરણ પાંચમાં જલ સંચય કાર્યક્રમના પરિણામો દર્શાવવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્રદીપભાઈ ગોહિલે ખુબ જહેમત ઉઠાવી જાત નિરીક્ષણથી પાણીની ગુણવત્તા મીઠા પાણીનો જથ્થો જરૂરી ખનિજ તત્વે પાંચ દેશોમાં પાણીની પરિસ્થિતિ, ગુજરાતમાં પાણી જન્મ રોગો, ભુગર્ભ જલ સાધનના અંદાજો, સૌરાષ્ટ્રમાં છેલ્લા ૧૦૦ વરસમાં પડેલ વરસાદના આંકડા સિંચાઈ સ્ત્રોત પિયતની વિગત જલ સંગ્રહ કાર્યક્રમની વિગતો સહિતની પચ્ચાસ સહિતના પાણી સંબંધિત તથ્યો અંગે લેખકે ભરપૂર માહીતિ આપી છે.

આ પુસ્તકમાં વોટર કન્ઝર્વશન માટે અર્બન એરિયામાં કઈ નવી ટેકનીક અજમાવવી એની વિગત જો આપવામાં આવી હોત તો લોકોને વધુ ઉપયોગી થતા. આ ઉપરાંત આજની તારીખે અર્બન-વોટર કન્ઝર્વેશનની ટેકનીકો લોકોને સમજાવવાની વધુ જરૂરી છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્ર કિનારાની ૩૬૦૦૦ ચો.કિ.મી. જમીનમાં દરિયાની ખારાશ પ્રવેશી જશે જ્યારે વરસાદ વરસો વરસ ઘટતો જાય છે ત્યારે જે પાણી હાલ ઉપલબ્ધ છે તેનો કેવી રીતે સર્વશ્રેષ્ઠ રીતે કરકસરથી ઉપયોગ કરવો તેની સમજ વોટર મેનેજમેન્ટ દ્વારા મળે છે, આ વિષયમાં ડો.પ્રદિપ ગોહિલનું જલ સ્ત્રાવ વ્યવસ્થાપન પુસ્તક અતિ મહત્વનું સાબીત થઈ રહ્યું છે